તાત્કાલિક

કૃષિ વિકાસ વર્ષ- ૨૦૧૪-૧૫

ક્રમાંક:- પરચ/૧૧૨૦૧૪/૧૨૫૩/મ.૩
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૫/૧૧/૨૦૧૪

Office of the Regi...
A. A. U. ANAND
17 NOV 2014
INWARD No 10687

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી અને કમિશ્નર (ગ્રામ વિકાસ), પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(જળસંપત્તિ), નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ખેતી નિયામકશ્રી, કૃષિભવન , સેક્ટર ૧૦, ગાંધીનગર
- નિયામકશ્રી, આત્મા, કૃષિભવન, ગાંધીનગર
- પશુપાલન નિયામકશ્રી, કૃષિભવન , સેક્ટર ૧૦, ગાંધીનગર
- બાગાયત નિયામકશ્રી, કૃષિભવન , સેક્ટર ૧૦, ગાંધીનગર
- મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સહકાર કમિશ્નર અને રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય , ગાંધીનગર
- નિયામકશ્રી, ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિ., વડોદરા
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લિ.,બલરામ ભવન, સેક્ટર ૧૦- a, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય બીજ નિગમ લિ., સેક્ટર ૧૦- a, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સી લિ., સેક્ટર ૧૦- a, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી ગુજરાત રાજ્ય એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ., ગાંધીનગર
- સહ પ્રાધ્યાપકશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, ગાંધીનગર

વિષય:- વર્ષ ૨૦૧૪-૧૫ને કૃષિ વિકાસ વર્ષ તરીકે ઉજવણી બાબતે થયેલ કામગીરીની પ્રગતિની સમીક્ષા માટે તા.૧૩/૧૦/૨૦૧૪ના રોજ યોજાયેલ બેઠકની કાર્યવાહી નોંધ બાબત

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે તા.૧૩/૧૦/૨૦૧૪ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે તાપી સમિતિ ખંડ, સ્વર્ણિમ સંકુલ-૧ ખાતે માન. મંત્રીશ્રી (કૃષિ)ના અધ્યક્ષ સ્થાને વર્ષ ૨૦૧૪-૧૫ને કૃષિ વિકાસ વર્ષ તરીકે ઉજવણી બાબતે થયેલ કામગીરીની પ્રગતિની સમીક્ષા માટે યોજાયેલ બેઠકની કાર્યવાહી નોંધ આ સાથે મોકલી આપવામાં આવે છે. સદર કાર્યવાહી નોંધના આપને સંબંધિત મુદ્દાઓ પરત્વે ઘટતી કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા વિનંતી છે.

આપની વિશ્વાસુ

બિડાણઃ- ઉપર મુજબ

ઉપસચિવ
કૃષિ અને સહકાર વિભાગ

નકલ રવાના -

- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (કૃષિ, સહકાર, પશુપાલન, મત્સ્યોદ્યોગ અને ગૌસવર્ધન) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી(પશુપાલન, મત્સ્યોદ્યોગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી(ગૌસંવર્ધન)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન.મંત્રીશ્રીઓ/સર્વે માન. રા.ક. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧-૨, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (કૃષિ) ના અગ્ર રહસ્ય સચિવશ્રી; સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ.પા.મ.ઉ.ગૌસં.), કૃષિ અને સહકાર વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી (સચિવાલયના સર્વે વિભાગો).
- અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી,શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,નર્મદા ,જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ ,મહેસુલ વિભાગ,વન અને પર્યાવરણ વિભાગ

- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,અરણ્ય ભવન સેકટર-૧૦,ગાંધીનગર.
- સચિવશ્રી અને કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ, ડો. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી,ગુજરાત ગ્રીન રેવોલ્યુશન કંપની લી.,વડોદરા
- સર્વે કલેક્ટરશ્રીઓ/સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- કૃષિ અને સહકાર વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- સર્વે ખાતાના વડા/બોર્ડ/નિગમ/કૃષિ યુનિવર્સિટીઓ/સંસ્થા/એજન્સી/એજન્સી (કૃષિ અને સહકાર વિભાગના નિયંત્રણ હેઠળના)
- વિભાગની સર્વે શાખાઓ (રોકડ, રજિસ્ટ્રી, ટાઇપ સિવાય)
- સિલેકટ ફાઇલ.

આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ

તાત્કાલિક/કૃષિ વિકાસ વર્ષ-૨૦૧૪-૧૫

<u>નકલ સવિનય રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.</u>

૧. સંશોધન નિયામકશ્રી. આ.કૃ.યુ. આણંદ
૨. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી. આ.કૃ.યુ., આણંદ
૩. તમામ આચાર્ય/ડીન્સ.(કૃષિ/વેટ/ડેરી/એફપીટીએન્ડબીઇ/એઆઇટી/એમબીએ). આ.કૃ.યુ. આણંદ
૪. આચાર્યશ્રી, એગ્રી એન્જી. આ.કૃ.યુ. ગોધરા

જા.નં.આકૃયુ/રજિ/સંકલન/૯૫૮૬-૯૪/૨૦૧૪

તા.૨૦/૧૧/૨૦૧૪

કુલસચિવ

<u>નકલ રવાના:</u>

મા.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ.

માન. મંત્રીશ્રી (કૃષિ, જળસંપત્તિ, સહકાર, પશુપાલન)ના અધ્યક્ષ સ્થાને વર્ષ ૨૦૧૪-૧૫ને કૃષિ વિકાસ વર્ષ તરીકે ઉજવણી બાબતે થયેલ કામગીરીની પ્રગતિની સમીક્ષા માટે તા. ૧૩/૧૦/૨૦૧૪ના રોજ રાખેલ બેઠકની કાર્યવાહી નોંધ:

સ્થળ: તાપી સમિતી ખંડ, સ્વર્ણિમ સંકુલ-૧

સચિવાલય, ગાંધીનગર

બેઠકની શરૂઆતમાં માન. મંત્રીશ્રી(કૃષિ)એ બેઠકમાં હાજર અધિકારીશ્રીઓને આવકાર આપેલ હતો ત્યાર બાદ જુદા જુદા ખાતા દ્વારા કૃષિ વિકાસ વર્ષ દરમ્યાન કરવાની થતી કામગીરી કરવા બાબતનું પ્રેઝન્ટેશન રજુ કર્યુ. પ્રેઝન્ટેશન બાદ નીચે દર્શાવેલ મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

| ક્રમ | મુદ્દાઓ | બેઠકમાં થયેલ વિચારણા/ નિર્ણય/ સૂચનો તેમજ કામગીરીની પ્રગતિ |
|---|---|---|
| ૧ | તાલુકા કક્ષાએ ૧ રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરવું તેમજ યોજનાકીય સહાય સબબ આપવાના થતા મંજુરીના હુકમો, સદર મહોત્સવ દરમ્યાન ખેડૂતોને આપવા.<br>(અમલ: ખેતી નિયામકશ્રી, બાગાયત નિયામકશ્રી) | • રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૪ ના આયોજનની માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવામાં આવી રહી છે. |
| ૨ | કૃષિ વીજ જોડાણો આપવા માટે ઉર્જા વિભાગ સાથે પરામર્શમાં રહી આયોજન કરવું અને સુક્ષ્મ પિયત જોડે અંદાજીત ૧.૦૦ લાખ કનેકશન આપવા.<br>(અમલ: ઉર્જા વિભાગ, ખેતી નિયામકશ્રી) | • સુક્ષ્મ પિયત GGRC, વડોદરા દ્વારા હાથ ધરવામાં આવે છે તે માટે ખાતા કક્ષાએથી બન્ને વિભાગો સાથે યોગ્ય સંકલન કરવામાં આવી રહ્યુ છે. ઉર્જા વિભાગે દર મહીને પ્રગતિ અહેવાલ ખેતી નિયામકને મોકલવો. |
| ૩ | ઉર્જા વિભાગે ખેતી નિયામકશ્રીના પરામર્શમાં રહી સોલાર પંપની યોજના બનાવી અમલમાં મુકવી.<br>(અમલ: ઉર્જા વિભાગ, ખેતી નિયામકશ્રી) | • આ અંગે ઉર્જા વિભાગ તરફથી જણાવવામાં આવ્યું કે ૧૦૦૦ સોલર પંપની યોજના માટે GUVNLને રૂ. ૫૦ કરોડ મંજુર કરવામાં આવેલ છે. તેની હુકમની નકલ ખેતી નિયામકને મોકલવી. |
| ૪ | કૃષિ યાંત્રિકરણનો વ્યાપ વધે તે માટે એકશન પ્લાન તૈયાર કરવો.<br>(અમલ: ખેતી નિયામકશ્રી) | • કૃષિ યાંત્રિકરણનો વ્યાપ વધારવા એક્શન પ્લાન તૈયાર કરવા બાબતે જીલ્લા કક્ષાએ સુચના આપેલ છે. તેમજ ચાલુ વર્ષે સબમીશન ઓન ફાર્મ મીકેનાઇઝેશન યોજના હેઠળ કેંદ્ર સરકારશ્રીને કુલ રૂા. ૩૧.૯૬ કરોડનો પ્રોજેક્ટ રજુ કરેલ હતો. જેમાં હાલના તબક્કે રૂા. ૭.૬૧ કરોડ મંજુર થઇ આવેલ છે. તથા RKVY અંતર્ગત વર્ષ ૨૦૧૪-૧૫ માં રૂા. ૧૦૦.૦૦ કરોડનો પ્રોજેક્ટ અમલમાં છે. જેમાં વ્યક્તિગત સંસ્થાઓને કૃષિ યાંત્રિકરણનાં મોટા ભાગના સુધારેલ ખેત ઓજારો/સાધનો/મશીનરી |

| | | |
|---|---|---|
| | | માં સહાય આપવામાં આવે છે. તેમજ નવા નવા સાધનોના નિદર્શન ગોઠવીને ખેડૂતોમાં તેનો વ્યાપ વધારવા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. |
| ૫ | આદિવાસી વિસ્તારમાં જે ખેડૂતોને વન અધિકાર કાયદા હેઠળ જમીન અધિકાર પત્રો અપાયેલ છે તેવા ખેડૂતોને કૃષિ ખાતા હેઠળ યોજનાઓનો લાભ મળી રહે તે માટે વિચારવું.<br>(અમલ: ખેતી નિયામકશ્રી) | • ખાતા દ્વારા ચાલતી એજીઆર-૩ (TASP) યોજનાનો લાભ વન અધિકાર કાયદા હેઠળ જમીન અધિકાર પત્રો અપાયેલ છે તેવા આદિવાસી ખેડૂતોને પણ આપવા જાણ કરેલ છે |
| ૬ | માઇક્રો ન્યુટ્રીયન્ટસ અંગેની ચકાસણી કરી ૫૦૦૦ ગામના માઇક્રોન્યુટ્રીયન્ટ મેપ તૈયાર કરવા<br>(અમલ: ખેતી નિયામકશ્રી) | • કુલ ૫૦૦૦ માઇક્રોન્યુટ્રીયન્ટ ફર્ટીલીટી મેપ પૈકી સપ્ટેમ્બર-૨૦૧૪ સુધીમાં ૯૮૪ ફર્ટીલીટી મેપ તૈયાર કરી વિતરણ કરેલ છે. બાકીની કામગીરી ચાલુ છે. લક્ષ્યાંક પૂરો કરવા સઘન પ્રયાસ કરવાં. |
| ૭ | શાકભાજી અને ફળોની ગુણવત્તા જાળવવા અને વધારવા માટે પાકવાર સેમિનારનું આયોજન કરવું અને જે તે નિષ્ણાતોને કામગીરી સોંપવા વિચારણા કરવી અને આ કામગીરીની કોઇ પણ એક યુનિવર્સીટીને સોંપવી.<br>(અમલ: બાગાયત નિયામકશ્રી) | • આણંદ કૃષિ યુનિવર્સિટીની નોડલ એજન્સી તરીકે નિમણુંક કરી કામગીરી સોંપેલ છે. |
| ૮ | કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા રાજ્યમાં એગ્રો ક્લાઇમેટીક ઝોન દીઠ એક મુજબ રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય કક્ષાના એક્ઝીબીશનનું આયોજન કરવું<br>(અમલ: તમામ કૃષિ યુનિવર્સીટી) | • કૃષિ વિકાસ વર્ષ અંતર્ગત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા રાજ્યમાં એગ્રો ક્લાઇમેટીક ઝોન દીઠ એક મુજબ રાષ્ટ્રીય/ આંતરરાષ્ટ્રીય કક્ષાના એક્ઝીબીશન / સેમીનારના ખર્ચ માટે માટે રૂ. ૫૮૦ લાખ (અંકે રૂ. પાંચ કરોડ એંસી લાખ પુરા)ની માંગણી કરેલ હોવાનું જણાવ્યુ.<br>• આવતા માસથી આણંદ કૃષિ યુનિવર્સીટી કામગીરી ચાલુ કરશે.<br>• રાજ્યની કૃષિ યુનિવર્સીટીઓએ નિયામકશ્રી (આત્મા) અને બાગાયત નિયામકશ્રી સાથે ચર્ચા કરવી. |
| ૯ | મહિલા ખેડૂતો માટે ખાસ તાલીમ કાર્યક્રમો ઘડવા<br>(અમલ: તમામ કૃષિ યુનિવર્સીટી) | • દાંતીવાડા, જુનાગઢ, આણંદ અને નવસારી કૃષિ યુનિવર્સીટી દ્વારા અનુક્રમે ૧૮, ૧૬, ૪ અને ૨૮ તાલીમ કાર્યક્રમો ગોઠવેલ હતા. જેમાં કુલ ૬૬ વર્ગો દ્વારા ૩,૩૩૮ મહિલા ખેડૂતોને તાલીમ આપેલ છે.<br>• માન. અગ્ર સચિવશ્રી (કૃષિ)એ સૂચન કરેલ કે નિયામકશ્રી, આત્માની મદદ લઇ ૫,૦૦૦ |

| | | |
|---|---|---|
| | | જેટલા લાભાર્થીઓને તાલીમ અપાય તેવું આયોજન કરવું. |
| ૧૦ | સેક્સ સિમેન એમ્બ્રીયો ટ્રાન્સફર ટેક્નોલોજી અને કાઉ સેન્ક્ચ્યુરી (ગૌ અભ્યારણ) સ્થાપવા માટે પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરી તેના અમલીકરણ માટે ઝડપ કરવી.<br>(અમલ: પશુપાલન નિયામકશ્રી) | • પશુપાલન નિયામકશ્રીએ જણાવેલ કે આ બાબતે મંજૂરીનો ઠરાવ થયેલ છે તેમજ ગ્રાંટની ફાળવણી રાજ્યની કૃષિ યુનિવર્સીટીને કરેલ છે.<br>• ગૌ અભ્યારણ માટે સ્થળ નક્કી કરી જમીન જલદીથી ઉપલબ્ધ થાય અને બાંધકામ થાય તે માટે ઝડપી કાર્યવાહી કરવી.<br>• પશુપાલન નિયામકશ્રીએ દર પખવાડીયે સમીક્ષા કરી, પ્રગતિ અહેવાલ મોકલવો. |
| ૧૧ | દેશી ઓલાદ સંવર્ધન કેંદ્ર શરૂ કરવા<br>(અમલ: પશુપાલન નિયામકશ્રી) | • ૧૧ કેન્દ્ર નક્કી કરેલ છે અને તાલીમ ચાલુ છે.<br>• માર્ચ ૨૦૧૫ સુધીમાં ૫૦૦ કેન્દ્રો અને માર્ચ-૨૦૧૬ સુધીમાં ૨૦૦૦ કેન્દ્રનો લક્ષ્યાંક નક્કી કરેલ છે. |
| ૧૨ | મહિલા પશુપાલકોને પ્રોત્સાહન માટે મહિલા મંડળીની રચના કરી મંડળી કક્ષાએ આંતર માળખાકીય સુવિધાઓ ઉભી કરવી<br>(અમલ: પશુપાલન નિયામકશ્રી) | • કામગીરી ચાલુ છે. |
| ૧૩ | રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં પશુ હોસ્ટેલ ઉભી કરવા માટે આયોજન કરવું<br>(અમલ: પશુપાલન નિયામકશ્રી) | • કામગીરી ચાલુ છે. |
| ૧૪ | ગોબર ગેસના ફાયદાઓ જોતાં વધુમાં વધુ ગોબર ગેસ પ્લાન્ટ વ્યક્તિગત અને સામુહિક ધોરણે ઉભા થાય તે માટે ગંભીરતાથી પ્રયત્નો કરવા તેમજ ગામડાઓ માટે એગ્રીકલ્ચર વેસ્ટનો સદ્ઉપયોગ થાય તેવો પ્રોજેક્ટ વિચારવો.<br>(અમલ: ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લીમીટેડ) | • આઇ-કિસાન મારફત અરજીઓ લેવાનું શરૂ કરવું. સિન્ટેક્ષ બ્રાન્ડના ગોબરગેસ પ્લાન્ટની મંજૂરી માટે કેન્દ્ર સરકાર સાથે ફોલોઅપ કરવું. |
| ૧૫ | ખેડૂતો તેમના ઉત્પાદનનું સીધુ વેચાણ કરી શકે તેવા કેન્દ્રો શહેરી વિસ્તારોમાં ઉભા કરવા મહાનગર પાલીકા / નગર પાલીકા સાથે સંકલન સાધવું.<br>(અમલ: નિયામકશ્રી, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર/ સહકાર પ્રભાગ) | • ૮ મહાનગર પાલીકા, ૧૭ નગર પાલીકા સાથે લાયઝન ચાલુ છે.<br>• આ બાબતે ચંદીગઢથી માર્કેટીંગની ડીઝાઇન મંગાવી લેવી અને કામગીરી સત્વરે શરૂ કરવી. |
| ૧૬ | બિયારણની ગુણવત્તા સુધારવા માટે બીજ ઉત્પાદકોને પ્રોત્સાહન આપવું. જુદા જુદા પાકોનો સીડ રીપ્લેસમેન્ટ રેટ વધે તે માટે કાર્યવાહી કરવી<br>(અમલ: ગુજરાત રાજ્ય બીજ નિગમ લીમીટેડ) | • SRR યોજનામાં ૫૦,૦૦૦ ટન બીયારણનું વિતરણ કરવામાં આવેલ છે.<br>• રવિ-ઉનાળુ ઋતુમાં પણ કામગીરી કરવામાં આવી રહેલ છે. |
| ૧૭ | બિયારણ/ ખાતરના સંગ્રહ માટે તાલુકા કક્ષાએ સંગ્રહ શક્તિ ઉભી કરવી. | • કામગીરી ચાલુ છે.<br>• સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીએ |

| | | |
|---|---|---|
| | (અમલ: ગુજરાત રાજ્ય બીજ નિગમ લી.) | માર્ગ અને મકાન વિભાગના સંબંધિત અધિકારીને જમીન બતાવવી. માર્ગ અને મકાન વિભાગના અધિકારીએ એ મુજબ પ્લાન, ડીઝાઈન બનાવવા. |
| ૧૮ | રાજ્યમાં ઓર્ગેનિક ખેતીનો વ્યાપ વધે તે માટે ઓર્ગેનિક સર્ટીફિકેટ એજંસીની સ્થાપના કરી ઓર્ગેનિક ઉત્પાદનોને સર્ટીફાઇડ કરવાની કામગીરી કરવી.<br>(અમલ: ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સી) | • કમીટી અને સબ કમીટીની રચના કરવામાં આવેલ છે.<br>• અન્ય રાજ્યોની પોલીસી જાણવા માટે કૃષિ યુનિવર્સિટીના નિષ્ણાતોની કમિટી બનાવવી. |
| ૧૯ | મત્સ્ય પાલક ખેડૂતોને ઇંસ્યુલેટેડ બોક્ષનું વિતરણ કરવું.<br>(અમલ: મત્સ્યોધોગ કમિશ્નરશ્રી) | • અરજીઓ આવી ગઇ છે. એક માસમાં કામગીરી પૂર્ણ થશે. |
| ૨૦. | ફીશીંગ હાર્બર ખાતે માળખાકીય સગવડો વધારવી.<br>(અમલ: મત્સ્યોધોગ કમિશ્નરશ્રી) | • કામગીરી ચાલુ છે. માન. મંત્રીશ્રી કક્ષાએ બેઠકનું આયોજન કરવું. |
| ૨૧ | સિંચાઇ હેઠળના વિસ્તારમા કેટલો વધારો થઇ શકે છે તે અંગેનો લક્ષ્યાંક નક્કી કરવો (ખાસ કરીને નહેરોના કમાંન્ડ વિસ્તારોમાં) (અમલ: સિંચાઇ વિભાગ) | • કામગીરી ચાલુ છે. પ્રગતિ અહેવાલ ખેતી નિયામકશ્રીને મોકલવો. |
| ૨૧-અ | ખેડૂતોના ખેતરે ૧ લાખ ખેત તલાવડી બનાવવા આયોજન કરવું. અને તે માટે ૨૦ ટકા કામગીરી મનરેગા હેઠળ ગ્રામ વિકાસ વિભાગ અને બાકીની ૮૦ ટકા કામગીરી જમીન વિકાસ નિગમે હાથ ધરવી<br>(અમલ: ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ/ ગ્રામ વિકાસ વિભાગ) | • ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ૨૫,૦૦૦ ખેત તલાવડીઓનો લક્ષ્યાંક નક્કી કરી જિલ્લાવાર પ્લાનીંગ તૈયાર કરેલ છે.<br>• જમીન વિકાસ નિગમ તથા ગ્રામ વિકાસ વિભાગે પરસ્પર સંકલનમાં રહી એકસમાન ભાવ/સબસીડી, ડીઝાઇન નક્કી કરી દરખાસ્ત અગ્ર સચિવશ્રી (કૃષિ)ને બતાવવી. |
| ૨૨ | રાજ્યમાં શહેરી વિકાસ વિભાગ હેઠળ ૮ મ્યુનિસિપાલીટી અને ૧૭ નગર પાલિકાઓમાં જે જગ્યાઓએ ખાલી પ્લોટ હોય તે સુનિશ્ચિત કરી આ જગ્યા પર અપની મંડીની રચના કરવી જેમા ૫૦ % સરકાર અને ૫૦% મ્યુનસીપાલટીના હિસ્સા દ્વારા ઓટલા બનાવી ખેડૂતોને તેમના ઉત્પાદનના સીધા વેચાણ માટે વ્યવસ્થા ઉભી કરી આપવી તે માટે ચંડીગઢ/ ગાંધીનગર સેક્ટર-૨૧ માર્કેટમાંથી ડીઝાઇન મેળવી સંકલન કરી કાર્યવાહી હાથ ધરી શકાય.<br>(અમલ: શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ) | • કામગીરી ચાલુ છે..<br>• કૃષિ વિકાસ વર્ષ પૂરૂ થતાં પહેલાં આ મંડીઓ શરૂ થાય તે મુજબની કાર્યવાહી કરવી. |
| ૨૩ | રાજ્ય સરકારે છેલ્લા કેટલાક વર્ષોથી ઝુંબેશના ભાગરૂપે બનાવેલ ચેકડેમો પૈકી તુટી ગયેલચેક ડેમોને રીપેર કરાવી તૈયાર કરવાની કૃષિ વિકાસ વર્ષ દરમ્યાન ઝુંબેશ ચલાવવી તેમજ ભરાઈ ગયેલ ચેક ડેમોનું ડી-શીલીટીંગ કરવા ચકાસણી કરી નિયમ અનુસાર કાર્યવાહી કરવી<br>(અમલ: સિંચાઇ વિભાગ/ ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ) | • કામગીરી ચાલુ છે.<br>• પ્રગતિ અહેવાલ ખેતી નિયામકને મોકલવો. |
| ૨૪ | સમગ્ર રાજ્યમાં જંગલી/વન્ય પશુઓના ભેલાણથી ખેડૂતોને | • આ હેતુ માટે વન વિભાગમાં રૂ. ૮ કરોડની |

| | | |
|---|---|---|
| | થતા નુકશાનને અટકાવવા ખાસ એક્શન પ્લાન બનાવી કૃષિ વિકાસ વર્ષ દરમ્યાન તાકીદે પગલાં લેવા.<br>(અમલ: અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી/ વન પર્યાવરણ વિભાગ) | બજેટ જોગવાઈ થઈ છે. પરંતુ રૂ. ૧૫ થી ૨૦ કરોડની જરૂરીયાત છે, ૨ થી ૩ વર્ષની અરજીઓ પેન્ડીંગ છે.<br>• કૃષિ વિકાસવર્ષને અનુલક્ષીને વધુ બજેટ જોગવાઈ ફાળવવા, વન વિભાગે માન. મંત્રીશ્રી(કૃષિ) મારફત નાણાં વિભાગને દરખાસ્ત રજૂ કરવી.<br>• સરપંચો મારફત હથિયાર સાથે ડફેર રાખવાથી આ પ્રશ્નનો ઉકેલ આવી શકે કે કેમ ? તે માટે પોલીસ ખાતુ, વન ખાતું અને કૃષિ ખાતાની બેઠક માન. મંત્રીશ્રી(કૃષિ) કક્ષાએ યોજવી. |
| ૨૫ | ખેડુતોની જરૂરીયાત મુજબની એગ્રો ફોરેસ્ટ્રીની નર્સરી બનાવી રોપાઓ (સેપલીંગ) તૈયાર કરી વિતરણ કરવું અને તેમાં પ્રવર્તમાન યોજનાકિય ધોરણો મુજબ સબસીડી આપવા વિચારણા કરવી<br>(અમલ: અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી) | • ૧૦ કરોડ રોપા ખેડૂતોને વહેંચ્યા છે.<br>• જો કોઇ પ્રોજેક્ટ હોય તો આર.કે.વી.વાય. યોજના હેઠળ રજૂ કરી શકાય.<br>• એગ્રો ફોરેસ્ટ્રીની કુલ કેટલી નર્સરી કરી તે વિગત ખેતી નિયામકને મોકલવી. |
| ૨૬ | કિસાન ક્રેડીટ કાર્ડ (KCC) બાકી રહેતા ખેડૂતોને ઉપલબ્ધ થાય તે બાબતે રાજ્ય કક્ષાની બેંકીંગ કમીટી (SLBC) સાથે કાર્યવાહી કરવી<br>(અમલ: સહકાર પ્રભાગ) | • ચાલુ વર્ષે ૧.૦૦ લાખનો લક્ષ્યાંક નક્કી કરેલ છે.<br>• ૨૦ લાખ ખેડૂતો પાસે KCC નથી તે જોતાં રવિ કૃષિ મહોત્સવમાં ૫૦,૦૦૦નો લક્ષ્યાંક રાખવો.<br>• SLBC સાથે બેઠક યોજવી. |
| ૨૭ | પ્રાયમરી એગ્રીકલ્ચર કો-ઓપરેટીવ સોસાયટી (PACS) કક્ષાએ સંગ્રહ શક્તિ અને પ્રાયમરી પ્રોસેસીંગ/ ગ્રેડીંગ / વેરહાઉસ રીસીપ્ટ જેવી સગવડો ઉભી કરવી.<br>(અમલ: સહકાર પ્રભાગ) | • માર્ચ-૨૦૧૫ સુધીમાં કામગીરી પૂર્ણ થશે.<br>• પ્રગતિ અહેવાલ ખેતી નિયામકને મોકલવો. |
| ૨૮ | ખેડૂતના ખેતરે સંગ્રહ શક્તિ ઉભી કરવા ઈન્ટરેસ્ટ સબસીડી આપવી<br>(અમલ: સહકાર પ્રભાગ) | • વધારેમાં વધારે અરજીઓ મળે તેવા પ્રયત્નો કરવા. |
| ૨૯ | કૃષિ વિકાસ વર્ષ દરમિયાન જી.જી.આર.સી. દ્વારા ખેડુતોને શક્ય હોય તેવી ખાસ વધારાની સગવડ/સહાય પુરી પાડવા વિચારણા કરવી<br>(અમલ: સિંચાઇ વિભાગ) | • પત્ર દ્વારા જીજીઆરસીએ જણાવ્યા મુજબ આ કાર્યવાહી જી.જી.આર.સી.ના કાર્યક્ષેત્રની બહાર છે. |
| ૩૦ | સિંચાઈ વિભાગની હાલની પિયત સહકારી મંડળીઓ મારફત કેનાલ સફાઈની વ્યવસ્થા સુવ્યવસ્થિત થાય તે જોવું<br>(અમલ: સિંચાઇ વિભાગ) | • કામગીરી ચાલુ છે.<br>• પ્રગતિ અહેવાલ ખેતી નિયામકને મોકલવો. |
| ૩૧ | સિંચાઇ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યુ કે ૪૫૩૨ કિ. મી. કેનાલની સફાઇ કરવામાં આવશે અને ૧૦૫૦ ચેક ડેમો, ૮૦૦ | • ૨૩૯ ચેક ડેમોની કામગીરી પૂર્ણ કરેલ છે.<br>• ૪૦૪ તળાવો ઉંડા કરવાની કામગીરી પૂર્ણ |

| | | |
|---|---|---|
| | તળાવો ઉંડા કરવામાં આવશે તેમજ ૭૦ લીફ્ટ ઇરીગેશનની કામગીરી કરવામાં આવશે તથા તેમ કરવાથી કેટલો વિસ્તાર પિયત હેઠળ આવરી લેવાશે તેની વિગતો સિંચાઇ વિભાગ આપશે.<br>(અમલ: સિંચાઇ વિભાગ) | કરેલ છે.<br>• ૭૮ લીફ્ટ ઇરીગેશનની કામગીરી પૂર્ણ કરેલ છે.<br>• પ્રગતિ અહેવાલ ખેતી નિયામકને મોકલવો. |
| ૩૨ | જી.જીઆર.સીને ૨.૫ લાખ હેકટર જમીનમાં સૂક્ષ્મ પિયત પધ્ધતિ માટે લક્ષ્યાંક આપવામાં આવે છે. આ.લક્ષ્યાંક હાંસલ કરવામાટે સુક્ષ્મ પિયત પધ્ધતિ સાથે વીજળી પણ આપવી પડે તેમ હોય તો ડ્રીપ અપનાવનાર ખેડૂતોને વીજ કનેક્શન તાત્કાલીક અને સરળતાથી મળે તે માટે જરૂરી કાર્યવાહી જીજીઆરસી અને ઉર્જા વિભાગે કરવી.<br>(અમલ: જીજીઆરસી/ ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગ) | • ૬૫,૫૪૨ હેક્ટરનું કામ થયુ છે. તેમજ ૨.૫ લાખ હેક્ટર ટાર્ગેટ પૂર્ણ થશે તેવું જણાવ્યું.<br>• પ્રગતિ અહેવાલ ખેતી નિયામકને મોકલવો. |

માન. અગ્ર સચિવશ્રી કૃષિ)એ સર્વે ઉપસ્થિત વિભાગોના અધિકારીઓને જણાવ્યુ કે તેઓ સત્વરે તેમને સોંપેલ કામગીરીનો છેવટની પરિસ્થિતિનો ટૂંકમાં માસિક પ્રગતિ રીપોર્ટ ખેતી નિયામકશ્રીને મોકલવો.

ઉપર મુજબની ચર્ચા વિચારણા બાદ અધ્યક્ષશ્રીનો આભાર માની બેઠક સમાપ્ત કરવામાં આવી.